મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર ગોધરા ભાગોળ વિસ્તારમાં ભારે ટ્રાફિક સમસ્યાથી નાગરિકો પરેશાન





તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર ગોધરા ભાગોળ વિસ્તારના છે, સૌથી મોટી ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન પોલીસ તંત્ર અને નગર પાલિકાની ઘોર બેદરકારીના કારણે સંતરામપુર નગરની પ્રજા ટ્રાફિક સમસ્યાથી ત્રાહીહામ પોકારી ગઈ છે, પરંતુ નગર પાલિકાની અને પોલીસ તંત્રની નબળી કામગીરીના કારણે આજે પ્રજા ભોગવી રહેલી છે અને મુશ્કેલી છે. સંતરામપુર નગરના છેલ્લા એક મહિનાથી બસ સ્ટેન્ડ ચાર રસ્તા વિસ્તારથી કારગીલ સુધી અને બજાર માંડવી થી પ્રતાપપુરા સુધી લુણાવાડા રોડ મેન બજાર આ તમામ વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યા હાથ વધાવી ચૂકી છે. રોડ ઉપર જ હાથ લારીવાળા, પથારાવાળા અને ગામડા માંથી આવતા રોપાનો વેચાણ કરતા ગ્રામ્ય વિસ્તારના તમામ વેપારીઓ રોડ ઉપર આવેલી તમામ દુકાનના અને ઘર માલિકો ૩૦૦-૩૦૦ રૂપિયા ઘર આંગણે રોડ ઉપર બેસાડીને ભાડું પણ વસૂલ કરે છે અને પ્રજાને મુશ્કેલીમાં મૂકે છે. આ બાબતનું તંત્ર કોઈ બોલવા તૈયાર જ નથી. બીજી બાજુ જ્યારે દુકાનદારો પોતાનો માર્કેટિંગ કરવા માટે રોડ ઉપર સામાનકારી મૂકે છે અને બોર્ડર મૂકી દે છે. સોરી આમ ટ્રાફિક નિયમોનો ભંગ કરી મૂકે છે, સરકારના નિયમ મુજબ મુખ્ય બજારોમાં રોડ ખુલ્લો રાખવો જોઈએ તેમ છતાં સંતરામપુર નગરમાં બે ફોર્મ આડેધડ વાહનો પાર્કિંગ ૧૦૮ એમ્બ્યુલન્સ બીમાર વ્યક્તિને જવું હોય તો કલાકો સુધી રાહ જોવી પડતી હોય છે. આજે બપોરે ૧ થી ૨ કલાક સુધી ટ્રાફિકજામ થઈ રહ્યું હતું. તેમ છતાં પોલીસ અને મૂકવામાં આવેલા ટ્રાફિક ગાર્ડ કોઈ કામગીરી હાથ ધરી ના હતી ના છૂટકે વાહન ચાલકો એકબીજાના સહાયતા થી ટ્રાફિક સમસ્યાની હલ કરી હતી પરંતુ ચાર વિસ્તારમાં મૂકવામાં આવ્યા છતાં એ ટ્રાફિક સમસ્યાનું પ્રમાણ વધતું જાય છે. ચારે બાજુ અને રોડની સાઈડોમાં બે ફોર્મ દબાણ અને હાથ લારીવાળા, પથારાવાળા રોડ ઉપર જ પથ્થરો મારીને બેસી જતા ટ્રાફિક સમસ્યા વિકાસ બનતી જાય છે. હવે સંતરામપુર નગર ટ્રાફિક સમસ્યા નિકાલ ન થતો જેના કારણે નગરજનો સંતરામપુર નગરને લાવારીસ અને રણીધણી વગરનું બની રહી ગયું તેવું ચર્ચાનો જોર પકડ્યું છે.

# સંતરામપુર પોલીસ મથકના પોકસોના ગુન્હામાં ગરબાડાના સરસોડાના આરોપીને ૭ વર્ષની સજા ફટકારતી કોર્ટ

સંતરામપુર,

સંતરામપુર પોલીસ મથકે સગીરાને ફોંસલાવી પટાવી ભગાડી જવાના ગુન્હામાં ગરબાડા તાલુકાના સરસોડા ગામના આરોપી વિરૂદ્ધ પોકસો હેઠળ ગુન્હો નોંધાયેલ હતો. જે કેસ લુણાવાડા સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં કોર્ટ દ્વારા આરોપીને ૭ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી.

વિસ્તૃત વિગતો મુજબ ૨૦૧૮ના વર્ષમાં સંતરામપુર તાલુકાની ૧૭ વર્ષીય સગીરાને પટાવી ફોસલાવી ગરબાડા તાલુકાના સરસોડા ગામે રહેતો આરોપી મનોજ દિપકભાઈ પલાસ યૌનશોષણ કરવા ભગાડી લઈ જતાં આ બાબતે સંતરામપુર પોલીસ મથકે પોકસો એકટ હેઠળ ગુન્હો નોંધાવા પામ્યો હતો. જે કેસ લુણાવાડા એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો કેસ ચાલી જતાં સરકારી વકીલ જયવીરસિંહ જે. સોલંકીની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખીને સ્પે.પોકસો જજ મમતાબેન એમ.પટેલ એ આવા ગુન્હાઓ અટકાવવા માટે સમાજમાં દાખલો બેશે તેવો ચુકાદો આપી. આરોપી મનોજ પલાસને ૭ વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો.

# ૧૦ વર્ષ જૂના આધાર કાર્ડને અપડેટ કરવા બાબત

મહીસાગર,

છેલ્લા દસ વર્ષથી આધારકાર્ડ એ ઓળખના પુરાવા તરીકે સૌથી આધાર પુરાવા દસ્તાવેજ તરીકે ઉભરી આવે છે. વિવિધ સરકારી સેવાઓના લાભ માટે આધાર કાર્ડ એ અનિવાર્ય દસ્તાવેજ છે. તાજેતરમાં ભારત સરકારના ઈલેકટ્રોનિક અને સૂચના પ્રોધોગિકી મંત્રાલયનો પત્ર તા.૨૩/૦૮/૨૦૨૨ થી ૧૦ વર્ષથી વધુ સમય પહેલા આધાર નોંધણી કરાવ્યા બાદ તેમાં કોઈ સુધારા અપડેશન કરાવેલ ન હોય તેવા રહેવાસીઓએ સરકારી સેવાઓના અવિરત લાભ માટે નિયત કરેલ દસ્તાવેજો સાથે આધારકાર્ડમાં અપડેટ કરવા જણાવેલ છે તથા સરકાર દ્વારા રૂ.૫૦/- (અંકે રૂપિયા પચાસ પુરા)નો દર નક્કી કરવામાં આવેલ છે. આ સુવિધા અત્રેના જીલ્લાના તમામ આધાર સેવા કેન્દ્રો ખાતે કાર્યરત છે.

# રાજસ્થાન યાત્રામાં કઠપુતળીઓ નચાવી, સાથે કનૈયા કુમાર-સચિન પાયલટ પણ હાજર રહ્યાં



જયપુર,

રાજસ્થાનમાં રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનો આજે બીજો દિવસ હતો. ઝાલાવાડના સ્પોર્ટ્સ કોમ્પલેક્સથી સવારે લગભગ છ વાગ્યે યાત્રા શરૂ થઈને લગભગ દસ કિલોમીટર સુધી યાત્રા પૂર્ણ કરીને લંચ બ્રેક લીધો હતો અને ૩.૩૦ કલાકે શરૂ થઈ હતી.અગાઉ, ચાર કલાકની યાત્રા દરમિયાન રાહુલ અને અન્ય યાત્રીઓ રાજસ્થાનના સાંસ્કૃતિક રંગો સાથે ભળી જતા જોવા મળ્યા હતા.

બીજી તરફ, જ્યારે જિલ્લા ભાજપ કાર્યાલય સામે ભારત જોડો યાત્રા નીકળી ત્યારે રાહુલનું રિએક્શન જોઈ બધા હસી પડ્યા. હકીકતમાં, ભાજપ ઓફિસ પરથી અનેક લોકો યાત્રાને નિહાળવા માટે ઉમટી પડ્યા હતા. જ્યારે રાહુલની નજર તેમના પર પડી તો તેમણે ફ્લાઈંગ કિસ આપીને લોકોનું સ્વાગત કર્યું.

જ્યારે રાહુલે ઝાલાવાડમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય પર ઊભેલા લોકોનું અભિવાદન ઝીલ્યું ત્યારે કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ સાથે ભારત જોડો યાત્રા આજે બપોર બાદ ઝાલાવાડથી કોટા જિલ્લામાં પ્રવેશ કરશે. પ્રવાસમાં આજે લગભગ ૨૩ કિ.મી. પ્રવાસ નક્કી થશે. આ યાત્રા આગામી ચાર દિવસ સુધી કોટા જિલ્લામાં રહેશે.

આ દરમિયાન રાજસ્થાનમાં યાત્રાની એન્ટ્રીના દિવસે જ રાજસ્થાન કોંગ્રેસને નવા પ્રભારી મળી ગયા. માકનના રાજીનામા બાદ પંજાબના વરિષ્ઠ નેતા સુખજિંદર સિંહ રંધાવાને પાર્ટી દ્વારા પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. રંધાવાને કોંગ્રેસ સ્ટીયરિંગ કમિટીના સભ્ય તરીકે પણ નોમિનેટ કરવામાં આવ્યા છે. આજની યાત્રામાં સવારથી મુખ્યમંત્રી અશોક ગેહલોત, પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ અને કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતાસરા પણ સાથે છે. આ સિવાય કેન્દ્રીય નેતૃત્વમાંથી કેસી વેણુગોપાલ સહિત અન્ય નેતાઓ પણ દેખાઈ રહ્યા છે.

રાહુલ ગાંધી યાત્રા દરમિયાન સોફ્ટ હિન્દુત્વ પર ફોકસ કરી રહ્યા છે. યાત્રાના રૂટ પર આવતા કેટલાક મંદિરોની પણ મુલાકાત લઈ શકે છે. એક દિવસ પહેલા જ રાહુલ ગાંધીએ 'જય સિયારામ' અને 'હે રામ'ના નારા લગાવીને ભાજપ આરએસએસ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે ભાજપને જય સિયારામ કહેવું પડશે.

# સરકાર દેશમાં વિશ્વની મોટામાં મોટી અનાજ સ્ટોરેજ વ્યવસ્થા ઊભી કરશે

મુંબઈ,

દેશમાં તાજેતરમાં સરકાર હસ્તકના ઘઉં-ચોખાના સ્ટોકમાં ઘટાડો નોંધાયો છે તથા આ પ્રશ્ને સરકારમાં અજંપો પણ વધ્યો છે. અનાજ બજારમાં તાજેતરમાં ભાવ પણ ઉંચા જતા જોવા મળ્યા છે. આ પ્રશ્ને હવે કેન્દ્ર સરકાર દ્વારા લાંબાગાળાના પગલાં ભરવા વિચારણા શરૂ થઈ છે. દેશમાં વિશ્વની સૌથી મોટી અનાજ સ્ટોરેજ સિસ્ટમ ઊભી કરવાની દિશામાં પણ સરકારે પ્રયત્નો શરૂ કર્યાના વાવડ મળ્યા છે.

આ વર્ષના આરંભથી રશિયા તથા યુક્રેન વચ્ચે વોરના પગલે વિશ્વ ભરમાં અનાજની હેરફેર તથા પુરવઠાને પ્રતિકૂળ અસર પડી છે તથા વિશ્વના ઘણા દેશોમાં અનાજની છત-અછતની સ્થિતિ ઊભી થતાં ફુગાવો પણ ખાસ્સો વધી ગયો છે અને વધતા ફુગાવાને નાથવા વિવિધ દેશોની સેન્ટ્રલ બેંકોએ તાજેતરમાં છાશવારે વ્યાજ દર વધારવા માંડયા છે.

દિલ્હીથી મળતા સમાચાર મુજબ દેશમાં ચાલતી વિવિધ સ્કીમોને મર્જ કરી એક છત્ર હેઠળ લાવી વિશ્વની મોટામાં મોટી ગ્રેન સ્ટોરેજ યોજના બનાવવા સરકારે વિચારણા શરૂ કરી છે. કોવિડના બે વર્ષ અનિશ્ચિતતા ભર્યા નિવડયા પછી આ વર્ષે રશિયા-યુક્રેન વોરના પગલે અનિશ્ચિતતા આગળ વધતાં સરકાર પરિસ્થિતિમાંથી બહાર આવી લાંબાગાળાનો વ્યુહ બનાવવા પ્રયત્નો કરતી થઈ છે.

મિનિસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ફાર્મર્સ વેલફેર, કન્ઝયુમર અફેર્સ, ફુડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન એન્ડ ફુડ પ્રોસેસીંગ વિ. વિવિધ મંત્રાલયોની વિવિધ સ્કીમો એક છત્ર હેઠળ લાવી વિશ્વની સૌથી મોટી અનાજ સ્ટોરેજ સ્કીમની રચના કરવાની દિશામાં આ પ્રયત્નો શરૂ થયા છે. દેશમાં અનાજ સલામતી મજબુત બનાવવા આ પગલું ઉપાડવામાં આવી રહ્યું છે. વિશ્વમાં ઘઉં, જવ તથા ખાતરમાં રશિયા તથા યુક્રેન મહત્ત્વનો પુરવઠો પૂરો પાડનાર દેશો મનાય છે.

ભારતમાં વાવાતેરનો વિસ્તાર વધુ છે પરંતુ હેકટરદીઠ પેદાશ વિશ્વની સરખામણીએ ઓછી રહી છે. તથા અનાજના સંગ્રહ માટેની ક્ષમતા પણ વ્યસ્થિત નથી. આ વ્યવસ્થામાં આધુનિકરણ કરવાની પણ આવશ્યકતા છે. સિલોમાં સ્ટોરેજ ક્ષમતા વધારવી જરૂરી હોવાનું કૃષી ક્ષેત્રના એનાલીસ્ટો જણાવી રહ્યા છે. ભારતમાં અનાજનો સ્ટોક સરકાર હસ્તકના ગોદામોમાં તાજેતરમાં ઘટી પાંચ વર્ષના તળિયે પહોંચ્યો છે.

વિવિધ સરકારી યોજનાઓ હેઠળ મફત અનાજ વિતરણ ૩૧મી ડિસેમ્બર ૨૦૨૨ સુધી કરવામાં આવનાર છે. આમાં આશરે ચાર ટ્રીલીયન રૂપિયાનો ખર્ચ થનાર છે. આમાં રાજ્ય સરકારો પણ ખર્ચમાં ભાગ આપવાની છે. ખાતરની ઘટેલી ઉપલબ્ધતાથી પણ સરકારે ચિંતા બતાવી છે.

# ગોધરાના મેરપ ગામે રોડ ઉપર મારૂતીવાનને બાઈકને અડ્ફેટમાં લેતાં બાઈક ચાલકનું મોત

ગોધરા,

ગોધરા તાલુકાના મેરપ ગોળ ફળીયા રોડ ઉપર મારૂતીવાનના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક ચાલકને અડફેટમાં લઈ બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના મેરપ ગોળ ફળીયા રોડ ઉપર થી પસાર થતી મારૂતીવાન નં.જીજે.૦૬. કેડી. ૨૫૧૭ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રોડ ઉપરથી પસાર થતી બાઈક નંબર જીજે.૨૦.એજી.૬૯૬૦ના ચાલક ગણપતભાઈ મંગળાભાઈ પટેલ ઉ.વ.૩૦ને અડફેટમાં લઈને ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર અર્થે ખસેડવામાં આવતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે.

# ડૉ. ભીમરાવ આંબેડકરની પુણ્યતિથિ પર વડાપ્રધાન, રાષ્ટ્રપતિએ શ્રદ્ધાંજલિ અર્પી

નવીદિલ્હી,

આજે ૬ ડિસેમ્બર, આદરણીય ડૉ. ભીમરાવ આંબેડકરની પુણ્યતિથિ છે, જેમણે બંધારણના રૂપમાં દેશને નવી શક્તિ આપીને મજબૂત ભારતના નિર્માણનો માર્ગ મોકળો કર્યો હતો, આ પ્રસંગે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સહિત અનેક નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી છે. ડૉ.બી.આર. આંબેડકરને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ દરમિયાન ઉપાધ્યક્ષ જગદીપ ધનખડ પણ હાજર હતા.ડૉ. ભીમરાવ આંબેડકરની પુણ્યતિથિ પર માયાવતીએ શ્રદ્ધાંજલિ અર્પી હતી અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. સોનિયા ગાંધીએ પણ ડૉ. ભીમરાવ આંબેડકરની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પી હતી આજે અન્ય મંત્રીઓ અને મહાનુભાવોએ સંસદમાં ડૉ. બી.આર. આંબેડકરને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી હતી.કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સહિત કોંગ્રેસના સાંસદોએ આજે સંસદમાં ડૉ. બી.આર. આંબેડકરને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી. બાબાસાહેબ આંબેડકરનું અવસાન ૬ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ થયું હતું. બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ રામજી આંબેડકર મહાન સમાજ સુધારક અને વિદ્વાન હતા. તેમણે પોતાનું સમગ્ર જીવન જાતિવાદ નાબૂદી અને ગરીબ, દલિત અને પછાત વર્ગના ઉત્થાન માટે સમર્પિત કર્યું. તેથી જ આજે તેમની પુણ્યતિથિને સમગ્ર દેશમાં મહાપરિનિર્વાણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

# ગુજરાતમાં સરકાર કોણ કોના ટેકે રચાશે એની ગડમથલ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બંને તબક્કા પત્યા પછી પણ સત્તાધારી પક્ષને સન્નિપાત છે કે બહુમતી મેળવીને સરકાર રચવામાં સફળતા મળશે કે ગુજરાત ગુમાવવું પડશે. કોંગ્રેસને બહુમતી મેળવવાનો વિશ્વાસ અને સરકાર રચવાની શ્રદ્ધા છે. આમ આદમી પાર્ટી આ વખતે ખરા અર્થમાં ગુજરાતમાં લડવા આવી, પરિવર્તન અનિવાર્ય હોવાનો માહોલ સર્જ્યો પણ એ ઝાઝી બેઠકો મેળવી ના શકે છતાં ત્રીજા પક્ષની મહત્વપૂર્ણ નોંધ ગુજરાતની જનતાએ લેવી પડે એવું તો બન્યું. આઠમી ડિસેમ્બરના રોજ હિમાચલ અને ગુજરાતમાં ઈવીએમ ખુલે,મત ગણતરી થાય ત્યાં લગી બધાના શ્વાસ ઊંચા રહેવાના. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રના ગૃહ મંત્રી અમિત શાહ અને ભાજપની સઘળી પલટણ ગુજરાતમાં રીતસર ધામા નાંખીને પડી હતી એનો અર્થ એ હતો કે ગુજરાત હાથમાંથી સરકી જવાની ધાસ્તી એમને હતી. અમારો અંદાજ ભાજપને ૧૧૦ બેઠકો સાથે ગુજરાતમાં સરકાર રચવાની તકનો રહ્યો છે, પરંતુ છેલ્લે છેલ્લે મતદાનના વલણને અને ભાજપ તથા સંઘ પરિવારના વલણને નિહાળ્યા પછી ગમે તે આસમાની સુલતાની બની શકે. બહુમતી ના મળે તો પણ ભાજપને મારી તોડીને સરકાર રચવાની કળા હસ્તગત છે. ખૂટે તો આમ આદમી પાર્ટીવાળા એમાં ભેળવી દેવાય અને ૯૨ના આંકડે પહોંચી જવાય. સુરતમાં મતદાન પછી પણ દરોડા પડયા એ સંકેત સ્પષ્ટ છે કે પ્રતિષ્ઠાની બેઠક પણ હરાવનારન એ પાઠ ભણાવવો. કોંગ્રેસ ઝાઝી ગાજવીજ વિના કામ કરતી રહી છે. કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરની મહેનત અને ઉમેદવારોની પસંદગીમાં ભાજપ કરતાં પ્રમાણમાં ઓછા વિવાદ થવા ઉપરાંત ભાજપના સર્વોચ્ચ નેતાની સભાઓમાં ખુરશીઓ ખાલી હોય અને કોંગ્રેસ ભણી જનમેદની ઉમટતી હોય એ સત્તાધીશોને સન્નિપાત કરાવે એવા સંકેત તો છે. સુરત અને સૌરાષ્ટ્રમાં થી આમ આદમી પાર્ટી વિધાનસભામાં પ્રવેશ જરૂર મેળવશે અને જે પણ સત્તામાં આવે એની સામે મજબૂત વિપક્ષનો અવાજ જરૂર બની શકે. આમ પણ, આ પક્ષ આ ચૂંટણી જીતવા નહીં; પરંતુ પંજાબની જેમ આવતી ચૂંટણીમાં ગુજરાતને કબજે કરવાના સંકલ્પ સાથે આવ્યો છે.

મુંબઈ રાજ્યમાંથી સંયુક્ત મહારાષ્ટ્ર અને મહાગુજરાત ચળવળને પગલે ૧૯૬૦માં ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી એને માત્ર બે મુખ્ય પક્ષોનું રાજકારણ જ માફક આવ્યું છે. વચ્ચે વચ્ચે ત્રીજા પક્ષનો ઝગારા મારતો ઉદય થયો હશે, પણ એ એટલો જ જલદી અસ્ત પામ્યાનો ઈતિહાસ રહ્યો હોવા છતાં છાસવારે ત્રીજા પક્ષ કે ત્રીજા મોરચાના અખતરા થયા કરે છે. ભલભલા બળૂકા આંદોલનકારીઓ કે મુખ્ય પ્રધાનોએ પણ બે મુખ્ય પક્ષથી ફારેગ થઈને ત્રીજો પક્ષ રચ્યો તો એ ટૂંકા ગાળામાં જ કોઈ મુખ્ય પક્ષમાં વિલીન થઈ ગયો અથવા પક્ષ ચલાવવાની નાણાકીય ત્રેવડના અભાવે લુપ્ત થઈ ગયો. ઈતિહાસ નજર સામે છે પણ રાજકારણના રસિયાઓને ત્રીજો પક્ષ રચવાના અને બે-ચાર બેઠકોમાં સમેટાઈ જવાના અનુભવ કરવાના ધખારા જરૂર ઉપડે છે. આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં બે મુખ્ય પક્ષ ઉપરાંત ત્રીજો પક્ષ રુમઝુમ પગલે આવી રહ્યાનો અણસાર મળવાની શરૂઆત થઈ ત્યારથી જ નેની ગાજવીજ આરંભાઈ ચૂકી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પંજાબ કબજે કરવામાં સફળ થયા ત્યારથી અન્ય રાજ્યોમાં જવાનો એમનો વિશ્વાસ વધ્યો હતો.

## સંસદ સત્ર દરમિયાન

# દિલ્હીમાં ખેડૂતો ગર્જના કરશે, કોંગ્રેસે ભારત જોડો યાત્રા સાથે બીજો મોરચો ખોલશે

નવીદિલ્હી,

કોંગ્રેસ પાર્ટીએ 'ભારત જોડો યાત્રા' વચ્ચે ૯ ડિસેમ્બરે દિલ્હીના જંતર-મંતર પર રાષ્ટ્રીય સ્તરની રેલીનું આયોજન કરવાની જાહેરાત કરી છે. સંસદનું સત્ર ૭ ડિસેમ્બરથી શરૂ થઈ રહ્યું છે. સત્રની શરૂઆતમાં જ કોંગ્રેસ પાર્ટીએ ખેડૂતોની માંગ ઉઠાવી છે. 'ભારત જોડો યાત્રા' ઉત્તર ભારતમાં પ્રવેશી છે. આવનારા દિવસોમાં ભારત જોડો યાત્રા આવા અનેક મોટા રાજ્યોમાંથી પસાર થશે, જ્યાં ખેડૂત આંદોલનની વ્યાપક અસર જોવા મળી છે. મંગળવારે અખિલ ભારતીય કિસાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખપાલ સિંહ ખૈરાએ વડાપ્રધાન મોદીને ૧૪ માંગણીઓ ધરાવતો પત્ર જારી કર્યો છે. પીએમ મોદી પાસે એવી માંગ કરવામાં આવી છે કે જો તેઓ કોર્પોરેટ સેક્ટરની ૧૦ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરી શકે છે તો ખેડૂતોની કેમ નહીં. દેશનો ખેડૂત દેવાદાર છે અને આત્મહત્યા કરવા મજબૂર છે. સુખપાલ સિંહ ખૈરાનો દાવો છે કે આ રેલીમાં દેશભરમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો ભાગ લેશે.

કોંગ્રેસ પાર્ટીની ભારત જોડો યાત્રા હવે રાજસ્થાનમાં છે. જે બાદ આ યાત્રા ઉત્તર ભારતના અન્ય રાજ્યોમાં પહોંચશે. યાત્રાને વધુ મજબૂત બનાવવા માટે પાર્ટીએ ખેડૂતોને સાથે લઈ જવાની રણનીતિ ઘડી છે. આ જ કારણ છે કે હવે સંસદે સત્રની શરૂઆતમાં જ એક મોટી રેલીનું આયોજન કરવાની જાહેરાત કરી છે. સુખપાલ સિંહ ખૈરાનું કહેવું છે કે દેશના ખેડૂતો અને ખેતમજૂરોને પડી રહેલી ગંભીર સમસ્યાઓ પ્રત્યે કેન્દ્ર સરકાર ઉદાસીન છે. તેમની માંગણીઓની અવગણના કરવામાં આવી રહી છે. ખેડૂતોની સમસ્યાઓના વહેલી તકે નિરાકરણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર મોકલવામાં આવ્યો છે. જેમાં ખેડૂત આંદોલનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આંદોલન સમાપ્ત થયાને લગભગ એક વર્ષ થઈ ગયું છે, પરંતુ કેન્દ્ર સરકારે ખેડૂતોની માંગણીઓ પર કોઈ પગલાં લીધાં નથી. આવી સ્થિતિમાં ખેડૂતો પાસે ફરીથી રસ્તા પર ઉતરી આંદોલન કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી.

ખૈરા તરીકે, તે દુર્ભાગ્યપૂર્ણ છે કે કેન્દ્ર સરકારે ખેડૂતો માટે એવું કોઈ સકારાત્મક પગલું ભર્યું નથી, જેનાથી ખેડૂતોમાં વિશ્વાસ જાગે. તેઓએ તેમની માંગણીઓ પૂર્ણ થવાની આશા જોઈ. આ સંજોગોને ધ્યાનમાં રાખીને અખિલ ભારતીય કિસાન કોંગ્રેસે દિલ્હીના જંતર-મંતર પર વિશાળ રેલી અને પ્રદર્શનની જાહેરાત કરી છે. ખેડૂતોની માંગણીઓમાં કાયદેસર રીતે લઘુત્તમ ટેકાના ભાવની ખાતરી આપવાનો સમાવેશ થાય છે. આ ગેરંટી તમામ પાકો માટે ઝર ૫૦ ટકાના સૂત્ર પર સ્વામીનાથન રિપોર્ટ પર આધારિત હોવી જોઈએ. આ દિશામાં કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલી સમિતિને ખેડૂત પહેલા જ ફગાવી ચૂક્યો છે. જૂની કમિટીનું વિસર્જન કરવું જોઈએ, એમએસપીની કાયદેસર બાંયધરી આપવા માટે નવી કમિટીની રચના કરવી જોઈએ. આમાં ખેડૂત સંગઠનોનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવું જોઈએ. ખેતીના વધતા ખર્ચ અને ઉપજના યોગ્ય ભાવ ન મળવાને કારણે ખેડૂત દેવાના બોજમાં ડૂબી ગયો છે. તેને આત્મહત્યા કરવા મજબૂર કરવામાં આવે છે.

પીએમને લખેલા પત્રમાં કોર્પોરેટ સેક્ટરની જેમ ખેડૂતોની લોન માફ કરવાની માંગ કરવામાં આવી છે. ખેતમજૂરોની લોન સંપૂર્ણપણે માફ કરવી જોઈએ. ડિસેમ્બર ૨૦૨૧માં કિસાન મોરચાને લખેલા પત્રમાં કેન્દ્ર સરકારે વીજળી સંશોધન બિલ ૨૦૨૨ પાછું ખેંચી લેવાનું લેખિત વચન આપ્યું હતું, પરંતુ તે જ બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું છે. તે પાછું લેવું જોઈએ. સુખપાલ ખૈરાએ પોતાના પત્રમાં લખ્યું છે કે લખીમપુર ખેરીમાં ખેડૂતોના મોત માટે મુખ્ય કાવતરાખોર અને કેન્દ્રીય મંત્રી અજય મિશ્રા ટેનીને બરતરફ કરવામાં આવે. ધરપકડ કરાયેલા નિર્દોષ ખેડૂતોને મુક્ત કરવામાં આવે. ખેડૂતો પર દાખલ થયેલા ખોટા કેસો રદ કરવા જોઈએ. દુષ્કાળ, પૂર, તોફાન અને અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતોમાંથી ખેડૂતોના પાકને રાહત આપવા માટે તમામ પ્રકારના પાક પર અસરકારક વીમા યોજના શરૂ કરવી જોઈએ. નાના, નાના, મધ્યમ ખેડૂતો અને ખેત મજૂરો માટે ૫૦૦૦ રૂપિયા પ્રતિ માસની ખેડૂત પેન્શન યોજના શરૂ થવી જોઈએ. તમામ રાજ્યોમાં ખેડૂત આંદોલન દરમિયાન ખેડૂતો પર દાખલ થયેલા કેસ રદ કરવા જોઈએ. ખેડૂતોના આંદોલનમાં શહીદ થયેલા ખેડૂતોના પરિવારજનોને યોગ્ય વળતર ઉપરાંત નોકરી આપવાની જોગવાઈ કરવી જોઈએ. શહીદ ખેડૂતોના સન્માન માટે સિંધુ મોરચાના સ્થળે 'કિસાન શહીદ સ્મારક' બનાવવું જોઈએ. ખેડૂતોના ખેતરમાં કામ કરતા મજૂરોને પણ મનરેગા યોજના હેઠળ લાવવા જોઈએ. તેનાથી વધુ મજૂરોને રોજગારની ગેરંટી તો મળશે જ, પરંતુ ખેડૂતોને ઓછા ખર્ચે ખેતી કરવાનો લાભ પણ મળશે. ખાનગી સેક્ટરમાં લાગુ કરવામાં આવી રહેલી સાયલો સ્ટોરેજ પોલિસીનો ખેડૂતોએ ઉગ્ર વિરોધ કર્યો છે. તેના બદલે ખેડૂતોની સહકારી મંડળી બનાવીને સંગ્રહ વ્યવસ્થા શરૂ કરવી જોઈએ. તેનાથી ખેડૂતોને રોજગારી મળશે.

# આપની આજ.......

મેષ : લોકોનું કોઈપણ અધૂરું કાર્ય પૂર્ણ થશે. પુત્ર કે પુત્રીને લગતા કોઈપણ વિવાદનું સમાધાન પણ કરવામાં આવશે. સુખી વ્યક્તિત્વ હોવાને કારણે અન્ય લોકો તમારી સાથે સંબંધ રાખવાનો પ્રયાસ કરશે. સામાજિક સન્માન મેળવીને તમને મનોબળમાં વેગ મળશે.

વૃષભ : આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે અને હિંમતભેર તમારા મુશ્કેલ કાર્યો પૂરા કરવામાં સમર્થ થશો. પર્યાપ્ત સહયોગથી તમને તમારા માતા-પિતાનું સુખ મળશે.

મિથુન : આજે મિથુન રાશિના લોકો માટે સમજદારીપૂર્વક નવા વિચારોની શોધખોળ કરવામાં દિવસ પસાર થશે. તમે ફક્ત મર્યાદિત અને જરૂરી ખર્ચ કરો છો. તમને તમારા પરિવારના સભ્યોથી દગાની સંભાવના છે.

કર્ક : આજે કોઈ વ્યક્તિ, બેંક અથવા સંસ્થા પાસેથી લોન ના લો, તે લોનમાંથી બહાર ઉતરવું મુશ્કેલ બનશે. જૂના મિત્રોનો સહયોગ મળશે અને સારા મિત્રોમાં પણ વૃદ્ધિ થશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે સારો છે. આજે તમારા હક અને સંપત્તિમાં વધારો થશે. તમે બીજાના સારા વિશે વિચારશો અને હૃદયથી સેવા પણ કરશો. આજે તમારી પાસે તમારા ગુરુ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા અને વફાદારી છે.

કન્યા : આજે કન્યા રાશિના લોકો માટે મિશ્રિત ફળનો દિવસ છે. માનસિક અશાંતિ, ચિંતાને કારણે તમે ભટકી શકો છો. માતા-પિતાના ટેકા અને આશીર્વાદ રાહત આપશે.

તુલા : લોકોને કિંમતી વસ્તુઓ મળી શકે છે. પરંતુ આ સાથે બિનજરૂરી ખર્ચા પણ સામે આવશે, જેને તેઓ ઈચ્છતા ન હોય તો પણ મજબૂર થઈ કરવા પડશે. સાસરિયાઓ તરફથી તમને માન મળશે.

વૃશ્ચિક : આજે વધુ વ્યસ્ત રહેશો. પરંતુ આસપાસ ભાગદોડમાં સાવચેત રહો. પગમાં ઈજા થવાનો ભય છે. તમારા નિર્ણયની ક્ષમતાઓનો આજે તમને લાભ મળી શકે છે. આજે અટકેલા કામ પૂરા થશે.

ધનુ : આજે ધન રાશિના લોકોનું મન ચંચળ રહેશે. આને કારણે ઘણી બધી સમસ્યાઓ પણ ઊભી થઈ શકે છે. એટલું જ નહીં, વ્યવસાયના વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો આજે નિરર્થક થઈ શકે છે.

મકર : આજે મકર રાશિના લોકોએ વ્યર્થ ખર્ચ ટાળવો જોઈએ. જો તમે કોઈ શારીરિક રોગથી પીડિત છો તો આજે તેમાં વધારો થઈ શકે છે. પરંતુ સાંજ સુધી આરામ મળી રહેશે. સામાજિક પ્રવૃત્તિઓમાં વિક્ષેપ રહેશે.

કુંભ : આજે કુંભ રાશિના લોકોનું જ્ઞાન વધશે. તમારામાં દાન અને દાનની ભાવનાનો વિકાસ થશે. ભાગ્ય તરફથી પણ તમને પૂરો સહયોગ મળશે. આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. સાંજથી રાત સુધી પેટની બીમારી થવાની સંભાવના છે.

મીન : લોકો માટે આજનો દિવસ સારો રહેશે. તમારી મહેનતથી તમને સારા પરિણામ મળશે. તમારા બાળક પ્રત્યેની તમારી શ્રદ્ધા વધુ મજબૂત થશે. આજે મોસાળ તરફથી પ્રેમ અને વિશેષ સહયોગની સંભાવના છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# મતગણતરી સ્થળના કેમ્પસની ૧૦૦ મીટરની ત્રિજયામાં મોબાઈલ ફોન સહિતના પ્રત્યાયનના સાધનો પ્રતિબંધિત

દાહોદ,

મતગણતરી કેન્દ્રની સુરક્ષા અંગેની સૂચનાઓ ભારતના ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવી છે. જે સંદર્ભે દાહોદ જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. હર્ષિત ગોસાવીએ મતગણતરી સ્થળના કેમ્પસની હદથી આજુબાજુના વિસ્તારમાં આગામી તા. ૮ ડિસેમ્બરના રોજ સવારના ૬ વાગ્યાથી મતગણતરી પુરી થતા સુધીના સમયગાળા માટે આ મુજબની અમલવારી માટે આદેશ કર્યા છે. મતગણતરી સરકારી ઈજનેરી કોલેજ દાહોદ ખાતે યોજાશે. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા મતગણતરી કેન્દ્ર ખાતે ત્રિસ્તરીય બંદોબસ્ત વ્યવસ્થા કરવામાં આવી છે.

ચૂંટણીના ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે અન્ય કોઈ પણ અનઅધિકૃત વ્યકિત મતગણતરી સ્થળના કેમ્પસની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઈ પણ પ્રકારના તંબુ ઉભા કરી શકશે નહી. કોઈ પણ વ્યક્તિ કે જેમાં ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ તેમજ મતગણતરી એજન્ટ સહિતના કોઈ પણ વ્યકિત મતગણતરી હોલમાં કે કંપાઉન્ડમાં કે મતગણતરી સ્થળના કેમ્પસની ૧૦૦ મીટરની ત્રિજયાના પ્રતિબંધિત વિસ્તારમાં મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશાવ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

મતગણતરી કેન્દ્રના ૧૦૦ મીટર વિસ્તારમાં ચારથી વધુ વ્યક્તિઓ એકઠા થવું નહીં, સભા બોલાવવી કે ભરવી નહીં, સરઘસ કાઢવું નહીં કે ફટાકડા ફોડવા નહીં. કોઈ પણ વ્યક્તિ મતગણતરી સ્થળના કેમ્પસની ૧૦૦ મીટરની ત્રિજયાના પ્રતિબંધિત વિસ્તારમાં કે મતગણતરી કેન્દ્રની અંદર કોઈ પણ સ્ફોટક પદાર્થ કે ચીજવસ્તુ લઈ જઈ શકશે નહીં. મતગણતરી કેન્દ્રના ૨૦૦ મીટર વિસ્તારમાં વાહન પાર્કિંગ કરી શકાશે નહીં, મતગણતરી કેન્દ્રની ૨૦૦ મીટરની બહાર નક્કી કરવામાં આવેલ સ્થળોએ જ વાહન પાર્કીંગ કરવાના રહેશે.

મતગણતરી કેન્દ્ર ખાતે ચૂંટણી અધિકારી દ્વારા આપવામાં આવેલા ઓળખકાર્ડ ધરાવતા ઉમેદવાર-ચૂંટણી, એજન્ટ, મતગણતરી એજન્ટ, અધિકારી, કર્મચારીઓને પ્રવેશ આપવામાં આવશે. આ જાહેરનામું મતગણતરી કેન્દ્ર સરકારી ઈજનેરી કોલેજ, દાહોદનાં કેમ્પસની હદથી આજુબાજુના વિસ્તારને લાગુ પડશે. હુકમનો ભંગ કરનાર સામે શિક્ષાત્મક પગલા ભરાશે.

# દાહોદ જીલ્લાની ૬ વિધાનસભા બેઠક ઉપર ૬૦.૦૭ ટકા મતદાન નોંધાયું

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિધાનસભાની કુલ ૦૬ બેઠકો માટે કુલ ૬૦.૦૭ ટકા મતદાન થવા પામ્યું છે. તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમ મશીનમાં સીલ થઈ ગયાં છે. પરિણામ તારીખ ૦૮મી ડિસેમ્બરના રોજ જાહે થનાર છે. ત્યારે આ વખતની ચુંટણીમાં ૦૬ વિધાનસભામાં સૌથી વધુ મતદાન દેવગઢ બારીઆ વિધાનસભામાં ૭૨.૭૬ ટકા થયું હતું. જ્યારે સૌથી ઓછુ મતદાન ફતેપુરા વિધાનસભામાં ૫૪.૦૦ ટકા થયું હતું. આ વખતે પુરૂષ મતદારો કરતાં મહિલા મતદારોમાં મતદાન કરવામાં ઉત્સાહ વધુ જોવા મળ્યો હતો.

દાહોદ જિલ્લાની કુલ ૦૬ વિધાનસભા બેઠકમાં ૧૨૯ ફતેપુરા વિધાનસભામાં સૌથું ઓછુ ૫૪.૦૦ ટકા મતદાન થયું હતું. ૧૩૦ ઝાલોદ વિધાનસભા બેઠક પર ૫૮.૮૬ ટકા, ૧૩૧ લીમખેડામાં ૬૭.૦૧ ટકા, ૧૩૨ દાહોદમાં ૫૯.૪૬ ટકા, ૧૩૩ ગરબાડામાં ૫૦.૧૫ ટકા અને દેવગઢ બારીઆ વિધા નસભાની બેઠકમાં સૌથું વધુ ૭૨.૭૬ ટકા મતદાન થયું હતું. આમ, જિલ્લામાં કુલ ૬૦.૦૭ ટકા મતદાન થયું હતું. આ વખતે થયેલ મતદાનની વાત કરીએ તો જિલ્લામાં કુલ ૭૮૫૭૪૬ પુરૂષ મતદારો અને ૭૯૯૨૪૧ મહિલા મતદારોનો સમાવેશ થયો હતો. જેમાંથી ૪૭૫૫૬૧ પુરૂષોએ મતદાન કર્યું હતું. તેની સામે ૪૭૬૫૩૨ મહિલાઓએ મતદાન કર્યું હતું. પુરૂષ અને મહિલા મળી કુલ જિલ્લામાં ૯૫૨૦૯૩ મતદારોનો સમાવેશ થાય છે.

# ફતેપુરા તાલુકાના મારગાળા ચૂંટણી બુથ ઉપર મારામારીમાં સંડોવાયેલા ચાર વ્યકિતઓ વિરૂદ્ધમાં ગુન્હો દાખલ કરાયો

**- કોંગ્રેસ તરફી એજન્ટ દ્વારા બોગસ મતદાન નહીં કરવા વિરોધ ઉઠાવતા ભાજપ તરફી લોકોએ મારા મારી કરી કોંગ્રેસના એજન્ટને ચપ્પુ માર્યું હતું.**



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મારગાળા ગામે ગતરોજ વિધાનસભાની ચૂંટણી સમયે પીપેર ફળિયા બુથ કેન્દ્ર નંબર પાંચ ઉપર બોગસ મતદાન કરવા ભાજપ તરફી લોકોએ કોશિશ કરતા કોંગ્રેસ તરફી બુથ કેન્દ્રમાં એજન્ટ તરીકે હાજર એક વ્યકિતને મારામારી કરી ચપ્પુ મારી દેતા બુથ કેન્દ્ર ઉપર ચુંટણી કામગીરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ સહિત હાજર મતદારોમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ઈજાગ્રસ્ત કોંગ્રેસના એજન્ટને તાત્કાલિક સુખસર સરકારી દવાખાના બાદ વધુ સારવાર માટે ઝાલોદ ખાનગી દવાખાનામાં પહોંચાડવામાં આવ્યો હતો. જ્યારે કહેવાતા હુમલાખોરો સ્થળ ઉપરથી ફરાર થઈ જવા પામ્યા હોવાનું જાણવા મળે છે. ચૂંટણી બુથ કેન્દ્ર ઉપર મારામારીમાં સંડોવાયેલા મનાતા ચાર લોકોની વિરૂદ્ધમાં હત્યાની કોશિશનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફતેપુરા તાલુકાના મારગાળા ગામના પીપેર ફળિયા બુથ કેન્દ્ર નંબર પાંચ ઉપર ગતરોજ વિધાનસભા ચૂંટણી સમય દરમિયાન સાંજના ત્રણેક વાગ્યાના અરસામાં ભાજપ-કોંગ્રેસના લોકો વચ્ચે બોલાચાલી-મારામારી થઈ હતી. તેમાં કોંગ્રેસ તરફી મતદાન બુથ કેન્દ્ર ઉપર એજન્ટ તરીકે ફરજ બજાવતા રમણભાઈ મલીયાભાઈ ભગોરા નાઓ કોંગ્રેસ તરફે બુથ કેન્દ્રમાં એજન્ટ તરીકે ફરજ બજાવી રહ્યા હતા. તેવા સમયે ભાજપના સંજયભાઈ ભાભોર તથા સુક્રમભાઈ ભાભોરે તેઓના માણસો દ્વારા બોગસ મતદાન કરાવવાની કોશિશ કરતા રમણભાઈ ભગોરાએ બોગસ મતદાન નહીં કરવા દેવા બાબતે પ્રિસાઈન્ડીંગ અધિકારીને રજૂઆત કરતા બિભીત્સ ગાળો આપી તું અમને મતદાન નહીં કરવા દેનાર કોણ છે ? અહીંથી જતા રહો કહી ગાળો બોલી મતદાન મથકની બહાર ખેંચી જઈ ત્યાં દલાભાઈ ભાભોર તથા જીગ્નેશભાઈ ભાભોરનાઓ હાજર હોય તેઓએ પણ રમણભાઈ ભગોરાને ગાળો બોલી દલાભાઈ વાલાભાઈ ભાભોરે એકદમ ઉશ્કેરાઈ જઈ રમણભાઈ ભગોરા ઉપર ચપ્પુથી જીવલેણ હુમલો કર્યો હતો. તેમાં છાતીના ડાબી બાજુના ભાગે ચપ્પુનો ઘા કરી ગંભીર ઈજાઓ પહોંચાડી તથા જીગ્નેશભાઈ ભાભોરે રમણભાઈ ભગોરાને ગડદાપાટુનો માર મારી એકબીજાની મદદગારી કરી જાહેરનામાનો ભંગ કર્યો હોવા બાબતે સુખસર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ચૂંટણી બુથ ઉપર મારામારીમાં સંડોવાયેલા લોકો વિરૂદ્ધમાં ઈજાગ્રસ્ત રમણભાઈ ભગોરાએ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા ચાર જેટલા વ્યકિતઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.તેમાં (૧) સંજયભાઈ રમેશભાઈ ભાભોર, (૨) સુક્રમભાઈ ગજસિંગભાઈ ભાભોર, (૩)દલાભાઈ વાલાભાઈ ભાભોર તથા (૪) જીગ્નેશભાઈ લલીતભાઈ ભાભોર તમામ રહે. મારગાળાના તળગામ ફળિયાના ઓની વિરૂદ્ધમાં મારામારી કરી મારી નાખવાની કોશિશ બાબતે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

# દે.બારીયા શહેરમાં મતદાનની ધીમી પ્રક્રિયાથી તેમજ મતદાન મથકમાં મોબાઈલ નહી લઈ જવા દેવાતા મતદારોએ રોષ વ્યકત કર્યો

દે.બારીઆ,

દાહોદ જીલ્લાની ૦૬ વિધાનસભાની કુલ ટકાવારી ૫૫.૮૦ ટકા થઈને વધવા જોઈતી હતી પરંતુ તે થઈ શકયું નથી. તેના મુખ્ય કારણોમાં ખાસ કરીને મતદાન કેન્દ્રો ઉપર મત કરવા માટેની પ્રક્રિયા ધીમીગતિએ ચાલતી હતી. તેમજ ઈવીએમ માં મતનો બટન દબાવ્યા બાદ જે મત પડી ગયું તેની ખાતરીવાળા વી.વી.પેટ મશીનની જે પીપનો આવાજ દોડ થી બે મીનીટનો સમય વિત્યાબાદ સંભળાતો હતો. જેથી એક મતદારને મત કેન્દ્રમાં પ્રવેશયા બાદ ૧૦ થી ૧૫ મીનીટનો સમય લાગતો હોય તો ત્રણ વાગ્યા બાદ દે.બારીયા શહેરની કન્યાશાળા મતદાન કેન્દ્ર ઉપર લાંબી કતારો જોવા મળી હતી. જેથી મતદારોએ રોષ વ્યકત કર્યો હતો.

મળતા સૂત્રો અનુસાર મતદાન કેન્દ્રો ઉપર મતદાન કરવાની ધીમી પ્રક્રિયા તેમજ વી.વી.પેટ મશીનમાં ઓ.કે. માટેનું પીપનો સંકેત દોઢ થી બે મીનીટ સંભળાવવામાં હોવાના કારણે મતદાન કેન્દ્રો ઉપર તેમજ મતદાન મથકોમાં મોબાઈલ નહિ લઈ જવા દેવાતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. શહેરના પાસેના ગામ ડાંગરીયામાં પણ ૧૦૦ થી ૧૫૦ મતદારોનું પોતાના મતનો અધિકારનો ઉપયોગ ના મળતા લોકોને વિલા મોઢે પરત ફર્યા હતા. ચુંટણી પંચ આવી ધીમી પ્રક્રિયા સંબંધે વિચાર વિમર્શ કરવો રહ્યો.

દે.બારીયા ૧૩૪ વિધાનસભા સીટમાં ૨.૬૦ હજાર કુલ મત છે. જેમાંથી ૧,૯૩,૭૮૮ જેવો મતદાન થવા પામ્યો હતો. જેથી ૫૦ ટકાની આસપાસ મતની ટકાવારી નોંધાઈ છે. જો વી.વી.પેટમાં ઓ.કે.થયેલો મતનું સંકેત આપતું પીપનો સીંગ્નલમાં દોઢ થી બે મીનીટનો સમયના લાગતા તો મતદાનમાં હજુપણ વધારો નોંધાતા તેમાં બે મત નથી. અમુક મતદારોએ લાઈનમાં ઉભા રહેવાનું મુનાસીબ સમજયું નથી. તેથી પોતાના કાર્ય અર્થે મતદાન કરવાનું ટાળ્યું. તેમજ આ ચુંટણીમાં કોઈપણ કેન્દ્ર ઉપર ધાંદલીના સમાચાર નથી મતદાનની પ્રક્રિયાના કર્મીઓ મતદાનની પ્રક્રિયા ઝડપી બનાવે તેવા પ્રયત્નો હાથ ધરવામાં રહ્યા તેમજ હાલમાં વૃદ્ધો અને અશકતો માટે વ્હીલ ચેરની વ્યવસ્થા અપાઈ તે મુજબ આખા ગુજરાત રાજ્યમાં ૧૦ લાખ જેવા દર્દીઓ સરકારી તથા ખાનગી હોસ્પિટલોમાં એડમીટ હોય છે. જેમના માટે પણ ચુંટણી પંચ પોતાનો મતનો અધિકાર મળે તેના વિશે સોચ વિચાર કરે.

# ફતેપુરા તાલુકાના નીંદકાપૂર્વમાં બે બાળકો સાથે માતાએ અગમ્ય કારણોસર કૂવામાં મોતનો ભૂસ્કો મારતા ત્રણેયના મોત

**- બપોરના ૧૨:૦૦ વાગ્યાના અરસામાં ખેતરમાં જવાનું કહીને એક ચાર વર્ષની પુત્રી તથા બે વર્ષના પુત્ર સાથે નીકળેલી માતાએ કુવામાં મોતની છલાંગ લગાવી.**

**- પાણી ભરેલા ઊંડા કૂવા માંથી ઝાલોદ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા લાશોને બહાર કઢાઈ.**





તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર વિસ્તારમાં દિન-પ્રતિદિન ચિત્ર વિચિત્ર ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. તેમાં વધુ એક બનાવ આજરોજ બપોરના ૧૨:૦૦ વાગ્યાના અરસામાં ફતેપુરા તાલુકાના નીંદકાપૂર્વ ગામે ખેતરમાં જવાનું કહી બે સંતાનો સાથે નીકળેલી માતાએ કોઈ અગમ્ય કારણોસર પાણી ભરેલા ઊંડા કૂવામાં મોતનો ભૂસકો લગાવતા બે સંતાનો સહિત માતાનું મોત નીપજતા પંથકમાં હાહાકાર સાથે પરિવારમાં રોકકળ મચી જવા પામેલ હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના નીંદકાપૂર્વ ગામના મંદિર ફળિયામાં રહેતા કલ્પેશભાઈ માનસિંગભાઈ મછારના લગ્ન પાંચેક વર્ષ અગાઉ રાજસ્થાન આનંદપુરીના ચીખલી ગામે કવિતાબેન સાથે સમાજના રિવાજ મુજબ થયેલ હતા.અને હાલમાં આ દંપતીને સંતાનમાં એક પુત્ર નામે પ્રિયાંશ કલ્પેશભાઈ મછાર ઉ.વ.૨ તથા એક પુત્રી નામે પ્રિયાબેન કલ્પેશભાઈ મછાર ઉ.વ.૪ હતા.અને બાળકો સાથે કલ્પેશભાઈ તથા કવિતાબેનનો ઘર સંસાર સારી રીતે ચાલી રહ્યો હતો.

જયારે આજરોજ કવિતાબેન ઘરેથી બપોરના ૧૨:૦૦ વાગ્યાના અરસામાં ખેતરમાં જવાનું કહીને બે બાળકો સાથે નીકળ્યા હતા અને ઘરથી ૫૦૦ મીટર દૂર આવેલા કુવામાં આ બંને બાળકો સાથે કવિતાબેને મોતનો ભુસકો માર્યો હતો. જેની જાણ કુવાથી થોડે દૂર ખેતરમાં કામ કરતી જેઠાણીને કુવાના કિનાર પાસે કવિતાબેનના ચપ્પલ જોતા અને પ્રિયાંશ પાણીની ઉપર દેખાઈ આવતા તાત્કાલિક ઘરે જઈ ઘરના સભ્યોને વાત કરી હતી. ત્યારે ઘરના સભ્યો તાત્કાલિક કુવા ઉપર દોડી આવ્યા હતા અને કુવામાં જોતા પ્રિયાંશ મોટરની પાઈપ ઉપર જણાઈ આવ્યો હતો. જ્યારે કવિતાબેન તથા પ્રિયાબેન નજરે પડ્યા ન હતા. તેમજ કુવામાં વધુ પાણી હોય તાત્કાલિક ઝાલોદ ફાયર બ્રિગેડને જાણ કરતા ત્યાંથી ફાયર ફાઈટર તથા સુખસર પોલીસને જાણ કરતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. પરંતુ ત્યાં સુધી કવિતાબેન તથા પ્રિયાબેનનું પ્રાણ પખેરૂ ઉડી જવા પામ્યું હતું.જ્યારે પ્રિયાંશને ધબકારા ચાલુ જણાતા તાત્કાલિક સંતરામપુર દવાખાનામાં લઈ જવામાં આવ્યો હતો. પરંતુ ત્યાં પહોંચે તે પહેલા જ પ્રિયાંશ નું પણ મોત નીપજવા પામ્યું હોવાનું જાણવા મળે છે. બે સંતાનોની માતાએ ક્યા કારણોસર આ પગલું ભર્યું તે આ લખાય છે, ત્યાં સુધી જાણવા મળ્યું નથી.

ઘટનાની જાણ વાયુવેગે પંથકમાં ફેલાતા હાહાકાર મચી જવા પામ્યો છે. જ્યારે પરિવારના ત્રણ સભ્યોના અકાળે મોત નીપજતા પરિવાર ઉપર આભ તૂટી પડ્યું હોવાનો અહેસાસ કરી રહ્યા છે.અને રોકકળ મચી જવા પામી હતી. બનાવની જાણ સુખસર પોલીસને કરતા પોલીસે ઘટના સ્થળે જઈ પંચનામા બાદ ત્રણેય લાશનો કબજો મેળવી મૃતક માતા સહિત બે સંતાનોની લાશોને સુખસર સરકારી દવાખાનામાં પી.એમ અર્થે લાવવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# ઝાલોદ નગરના શહિદ રાજેશચોક ખાતે બલિદાન દિવસ નિમિત્તે દિપ પ્રગટાવી શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

ઝાલોદ,

ઝાલોદ નગરમાં ૬ ડિસેમ્બર ૧૯૯૨ ના રોજ અયોધ્યામાં કારસેવા કરવાં ગયેલા કારસેવક રાજેશ સોનીને આજે શહિદ થયે ૩૦ વર્ષ થઈ ગયા હોવા છતાય રાજેશ સોની લોકોના દિલમાં વસી ગયેલ છે. અયોધ્યા ખાતે કારસેવા કરવાં ગયેલ રાજેશ સોની ત્યાં શહિદ થઈ ગયેલ હતા પણ તેની સાથે કારસેવા કરવાં સાથે ગયેલ લોકો તેની વાતોને આજે પણ ગૌરવભેર યાદ કરી સ્મરણોને આજે પણ યાદ કરે છે. રાજેશ સોની ઝાલોદ નગરની ભૂમિ પર આજે પણ અમર છે. તેના નામને અને તેના બલિદાનને સન્માન આપવા માટે ઝાલોદ નગરના વડબઝારના વિસ્તારને શહિદ રાજેશ ચોક નામ આપવામાં આવેલ હતું. જેથી નવી પેઢીને રાજેશ સોનીની ગૌરવ ગાથા વિશે સદાય જાણકારી મળતી રહે.





તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

૬ ડિસેમ્બર ૧૯૯૨ ના રોજ ઝાલોદના નવયુવાન યુવકે કારસેવા દરમ્યાન શહીદી વહોરી હતી. જયારે તેની અંતિમ યાત્રા ઝાલોદ નગરમાં કાઢવામાં આવેલ હતી. ત્યારે ઝાલોદ નગરની દરેક આંખો રડતી હતી અને શહીદ રાજેશ અમર રહોના નારા સાથે તેને વધાવી લીધેલ હતી. રાજેશ સોનીની અંતિમ યાત્રામાં કેટલાય નેતાઓ તેમજ રાષ્ટ્રપ્રેમી લોકો જય શ્રી રામનાં નારા સાથે હજારોની સંખ્યામાં જોડાયા હતા. તે આજે ભલે દુનિયામાં નથી પણ રાજેશ સોની દ્વારા કરેલ રામની સેવા પ્રત્યે આજે પણ લોકોને માન છે.

ઝાલોદ નગરના રાજેશચોકમાં નગરના વિશ્વ હિન્દુ પરિષદ પ્રખંડ, બજરંગ દળ તેમજ હિન્દુ પ્રેમી લોકો દ્વારા રાજેશ સોનીના બલિદાન આપેલ દિવસને દિપ પ્રગટાવી શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ આજરોજ ૦૬-૧૨-૨૦૨૨ ના રોજ સાંજે ૭ વાગ્યે રાખવામાં આવ્યો હતો. તેમાં નગરના લોકો ખૂબ મોટા પ્રમાણમાં જોડાયા હતા. શ્રી રામનું નામ લખી રામ નામ થી અને સાથિયો દોરી દીવડા સજાવી પ્રગટાવવામાં આવ્યા હતા. શહીદ રાજેશ સોની ચોક ખાતે રામધૂનની રમઝટ તેમજ કેસરીયા ઝંડાની સાથે લોકો મોટા પ્રમાણમાં જોડાયા હતા. શહીદ રાજેશ ચોકને હિન્દુ પ્રેમી લોકોએ જય શ્રી રામ અને શહીદ રાજેશ સોની અમર રહોના નારા સાથે ગજવી દીધું હતું. તેમજ ફટાકડાની ગુંજ થી આખું શહીદ રાજેશ ચોક ગુંજી ઉઠ્યું હતું.

# ઝાલોદ તાલુકામાં ઓછું મતદાન : ઉમેદવારો હિજરત કરી ગયેલા મતદારોને લાવવામાં નિષ્ફળ

ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં વસ્તીની ટકાવારી રીતે જોઈએ તો અહીંયાં રહેનાર મતદાતાઓ મોટા ભાગના ખેતી પર નિર્ભર છે. ખેતીથી પરિવારનું ભરણપોષણ શક્ય ન હોવાથી મોટા ભાગના મતદાતાઓ તાલુકા બહાર રોજીરોટી માટે પલાયન કરતા હોય છે. વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણી લડતા ઉમેદવારો કે કાર્યકર્તાઓ પલાયન કરીને ગયેલા મતદાતાઓને લાવવામાં નિષ્ફળ જતાં તેની સીધી અસર મતદાન પર થયેલ જોવા મળી હતી. મતદાન ઓછું થતાં ચૂંટણીમાં ઉભેલા ઉમેદવારો પણ મુંઝવણમાં મુકાઈ ગયેલ જોવા મળતા હતા. વિધાનસભાની ચૂંટણીમાં મતદાન ઓછું થતાં હવે તેની અસર કઈ રાજકીય પાર્ટીને થઈ તે હાલ કલ્પવું અઘરૂ છે. હવે સહુ મતદાતાઓ અને ઉમેદવારોની નજર ૮ તારીખે થતી ચૂંટણી ગણતરી પર નજર છે કે શું પરિણામ આવશે. ચૂંટણી પુરી થતાં દરેક રાજકીય પાર્ટીના ઉમેદવારો દ્વારા વિજયના દાવા કરવામાં આવ્યા હતા. હવે સાચી હકીકત તો મતદાનની પેટી ખુલશે, ત્યારે જ ખબર પડશે.

# દાહોદના બસ સ્ટેશન ઉપર એસટી બસમાં સૂતેલા કંડકટરનું હાર્ટ એટેકના કારણે મોત પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો

દાહોદ,

દાહોદના બસ સ્ટેશન ઉપર આજરોજ સવારના સમયે સાવરકુંડલા ડેપોની એસટી બસ કાલે પેસેન્જરો લઈને દાહોદ આવી હતી અને તે બાદ બસ ડેપો માંથી એસટી બસને પાર્કિંગ કરી હતી. તેમાં જે કંડકટર છે, તે કંડકટર એસટી બસમાં સુઈ ગયો હતો. ત્યારે એસટી બસનો ફરીથી દાહોદ બસ ડેપોથી ભરી અને સાવરકુંડલા લઈ જવા માટે જયારે એસટી બસના ચાલકેએ કંડકટરને ઉઠાડવા જતા કંડકટર મૃત હાલતમાં જણાય આવતા તે ડ્રાઈવર દ્વારા દાહોદના પોલીસ મથક ખાતે જાણ કર્યા તેને પોલીસનો કાફરો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. લોકોના ટોળા પણ બસ ડેપો ખાતે વળ્યા હતા અને પોલીસે પંચનામું કરી ડેડબોડીનો કબજો મેળવી આગળ વધુ તપાસ હાથ ધરી છે, ડેટ બોડીનો કબજો મેળવી અને પોલીસે ડેડબોડીને પીએમ અર્થે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી આપી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.90

